ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૨ ટકા ● સાંજે ૪૧ ટકા

ગાંધીનગર તાપમાન

સ્વાસ્થ્ય માટે શ્રેષ્ઠ શિયાળુ પાકની બોલબાલા

અડદિયા પાક, મેથી પાક, બદામ પાક, કાળા તલના લાડુ, સાલમ પાકની ખરીદી વધારે

ગાંધીનગર, તા.૨૯

શિયાળાની ઠંડી દસ્તક મારે એટલે સહજ રીતે જ ખાણીપીણીની રીતમાં બદલાવ આવી જતા હોય છે. સવારે ગરમાગરમ આદુ-ફુદીનાની ચાની ચુસ્કી સાથે સ્વાસ્થ્યવર્ધક વસાણા એટલે કે પાક ખાવાની જુદી જ મજા હોય છે. શિયાળામાં ખાવામાં આવતી જુદી જુદી વસ્તુઓ એટલે શિયાળુ પાક જેમાં મેથી પાક, સાલમપાક, અડદિયા પાક, ખજૂર પાક, ગુંદર પાક, અખરોટ પાક, આદુ પાક, અંજીર પાક,ગોળના લાડુ, મિકસ ડ્રાયફ્રુટ પાક, સૂંઠ પાક, સિંગ પાક, કાળા અને સફેદ તલના લાડુ જેવા અનેક પાક હોય છે. આ દરેક વસ્તુઓમાં આયુર્વેદિક જડીબુટ્ટીઓ નાંખવામાં આવતી હોવાથી શરીર માટે સારી ગણવામાં આવે છે. વસાણા ખાવાની પરંપરા દાયકાઓથી ચાલી આવે છે. શિયાળાની ઋતુમાં શરીરનું તાપમાન જળવાઈ રહે અને ઠંડીના કારણે તથા રોગો સામે બચવામાં વસાણા ફાયદાકારક રહે છે.

ગૃહિણીઓ હવે કલાકોની મહેનત કરીને ઘરે કોઈ પાક બનાવતા નથી. મોટા ભાગના માર્કેટમાંથી જ તૈયાર પાકની ખરીદી કરી લેતા હોય છે. આ વર્ષે શહેરમાં મીઠાઈઓની દુકાનોમાં વિવિધ શિયાળુ પાક જોવા મળી રહ્યા છે. જેમાં અડદિયા, કાળા તલના લાડુ, બદામ પાક, સાલમપાક અને મેથી પાકનું સૌથી વધારે વેચાણ ચાલી રહ્યું છે તેવું રાધે સ્વીટસ એન્ડ નમકીન સેકટર-૧૧ના વિપુલ સુખડીયાએ જણાવ્યું હતું.

સાલમ પાકનો એક પીસ રોજ ખાવાથી શરીરનું તાપમાન યોગ્ય રહે છે અને ઠંડીમાં થતી બિમારીઓ પણ થતી નથી. આ પાકમાં વાપરવામાં આવતા મસાલા આયુર્વેદિક હોય છે. જે બહારના રાજયોમાંથી લાવવામાં આવે છે. સફેદ સૂંઠ, કેસર, સફેદ મરી, ગંઠોડા વિવિધ પ્રકારના તેજાનાનો સમાવેશ થાય છે સાલમપાક તેમજ અડદિયાપાક પણ સ્વાસ્થ્ય માટે ઘણા ફાયદાકારક છે. બાળકો આવા પાક ખાય તે માટે તેમની માટે ખાસ ડ્રાયફ્રુટના લાડુ બનાવવામાં આવે છે ઉપરાંત તલ, ખજૂર જેવી વસ્તુઓ મિકસ કરીને પણ જુદા જુદા આકારમાં તેમને પાક બનાવી આપવામાં આવે તો તે સહેલાઈથી ખાઈ લે છે. અડદિયા પાકનું સેવન કરવાથી વજન વધે છે અને અશકિત દૂર થાય છે. અડદિયા પાક સૌથી વધુ પ્રચલિત શિયાળુ પાક છે. સમાજના તમામ વર્ગના નાગરિકો શિયાળામાં તેનું સેવન કરતા હોય છે.

વિવિધ શિયાળુ પાક અને તેમની કિંમત પ્રતિ કિલો

અડદિયા - ૫૨૦ રૂ.
ખજૂર પાક - ૫૨૦ રૂ.
ગુંદર પાક - ૫૮૦ રૂ.
આદુ પાક - ૬૨૦ રૂ.
મિકસ ડ્રાયફ્રુટ પાક - ૬૪૦ રૂ.
સૂંઠ પાક - ૫૨૦ રૂ.
સિંગ પાક - ૨૮૦ રૂ.
બદામપાક - ૬૮૦ રૂ.
તલના લાડુ - ૨૮૦ રૂ.
મેથી પાક - ૫૨૦ રૂ.
સાલમ પાક - ૫૨૦ રૂ.

જન્મદિને વધામણી

હિતેશકુમાર કુવરજી પટેલ
મો. ૯૩૭૪૦ ૦૫૫૨૭



કૌશિક જયદેવભાઈ ભટ્ટ
ટ્રસ્ટી સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ અને રોડકોસ સોસાયટી
મો. ૯૦૧૬૫ ૫૪૮૫૫

અંબાલાલ એસ. પરમાર

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનીસ એસોસીએશન દ્વારા ટેબલ ટેનીસ ટુર્નામેન્ટ

સતત બીજી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં હરેશભાઈ રાઠોડ (બાપુ)એ સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે

ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સ્ટેટ ટેબલ ટેનીસ એસોસીએશન અને ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ટેબલ ટેનીસ કમિટી દ્વારા આયોજીત ૨જી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ટેલીબલ ટેનીસ ટુર્નામેન્ટ રેકેટ એકેડેમી, સીન્ધુ ભવન માર્ગ, અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજીત ૨જી ગુજરાત સ્ટેટ માસ્ટર્સ ટેબલ ટેનીસ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયના વિવિધ કેટેગરીમાં ૧૫૦ થી ૨૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધામાં ૩૯ પ્લસ, ૪૯ પ્લસ, ૫૯ પ્લસ અને ૬૫ પ્લસ જેવી વિવિધ કેટગરીમાં ગુજરાત રાજયના વિવિધ જિલ્લા-શહેરના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. સ્પર્ધાના આયોજનને સફળ બનાવવા જિલ્લા ટેબલ ટેનીસ એસઓસીએશન, અમદાવાદના હોદ્દેદારો અને સહયોગીઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

આ સ્પર્ધામાં ગાંધીનગર શહેરના ટેલબ ટેનીસના ખેલાડી હરેશભાઈ રાઠોડ (બાપુ) (૫૯ પ્લસ કેટેગરી)માં વિજેતા થયા હતા. હરેશભાઈ રાઠોડ વ્યક્તિગત વિભાગમાં વિજેતા થયા હતા અને સુવર્ણ ચંદ્રક તથા પ્રમાણપત્ર મેળવી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. શ્રી હરેશભાઈ રાઠોડે સતત બીજી વખત આ જ કેટેગરીમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

આ ઉપરાંત (૫૯ પ્લસ કેટગરીમાં) ડબલ્સમાં ગાંધીનગરના રાજુભાઈ ત્રિવેદી તથા મહેશભાઈ રાવલની જોડીએ આ ટેબલ ટેનીસની સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કરી ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે.

વાવોલમાં દિવસભર વિજપુરવઠો બંધ રહ્યો

ગાંધીનગર, તા.૨૯

વાવોલ તથા ન્યુ વાવોલ વિસ્તારમાં ગઈકાલે સવારે ૮ વાગ્યાથી સાંજે ૫ વાગ્યા સુધી વીજકાપ થવાથી વસાહતીઓને ભારે હાલાકી થઈ હતી. ન્યુ વાવોલ વિસ્તારમાં ચાલતા વિકાસ કાર્યોને કારણે અનેક જગ્યાએ ખોદકામ ચાલી રહ્યા છે. જેથી ગઈકાલે સમગ્ર વાવોલ વિસ્તારમાં વીજ પુરવઠો ઠપ્પ થયો હતો. વાવોલમાં આવેલા પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગો ચાલી રહ્યા છે. જેમાં જનરેટર ઉપલબ્ધ હોવાના કારણે વીજકાપની સ્થિતિ નડતરરૂપ થઈ નહોતી પરંતુ વસાહતીઓને મુશ્કેલી પડી હતી.

ટાટા ચોકડીથી ખ-૬ માર્ગનું કામ દોઢ વર્ષથી બંધ હાલતમાં

ગાંધીનગર, તા.૨૯

ટાટા ચોકડીથી ખ-૬ માર્ગનું કામ છેલ્લા દોઢ વર્ષથી બંધ હાલતમાં છે તેથી જાગૃત નાગરિક દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. ગાંધીનગરથી ટાટા ચોકડીથી ખ-૬ માર્ગનું કામ ઘણા સમયથી બંધ હાલતમાં હોવાથી ફરિયાદો ઉઠી છે. જેમાં ખ-૬ એસટી બસ સ્ટેન્ડ જિલ્લા પંચાયતની બેદરકારીને કારણે માર્ગ પહોળા કરવામાં તોડી દીધું છે તેથી મુસાફરોને તકલીફ પડી રહી છે તેમજ બસ સ્ટેન્ડ ન હોવાથી બસો ઉભી રહેતી નથી. તથા ભવનાથ મહાદેવની ગટર તોડી પાડેલ છે તેથી અકસ્માતનો ભય રહે છે તેથી જવાબદાર તંત્ર દ્વારા આ બાબતે નોંધ લેવી જોઈએ જેથી આકસ્મિક જાનહાનિ ટળી શકે છે.

આઈ.ટી.આઈ., ગાંધીનગર ખાતે પ્રવેશ જોગ

ગાંધીનગર, તા.૨૯

ઔધોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગર ખાતે પ્રવેશસત્ર – ૨૦૨૧ માટે છઠ્ઠા રાઉન્ડની પ્રવેશ પ્રક્રિયા ચાલુ છે. પ્રવેશ મેળવવા ઉત્સુક ઉમેદવારોએ નજીકની ઔધોગિક તાલીમ સંસ્થા ખાતે જરૂરી પ્રમાણપત્રો સહિત ઓનલાઈન ફોર્મ ભરવાનું રહેશે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવારોએ તેનો લાભ લેવા તથા વધુ વિગતો માટે નજીકની ઔધોગિક તાલીમ સંસ્થાનો સંપર્ક કરવા ઔધોગિક તાલીમ સંસ્થા, ગાંધીનગરના આચાર્યશ્રીએ જણાવ્યું છે.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. દંતાણી ચંદાબેન રમેશભાઈ,** ઉ.વ. ૫૫, સે-૨૦, છાપરાં
- **સ્વ. ગણાત્રા અશોકભાઈ ચીમનલાલ,** ઉ.વ. ૭૫, સેકટર-૪
- **સ્વ. જાદવ રમાબેન રવજીભાઈ,** ઉ.વ. ૭૦, પેથાપુર
- **સ્વ. ગજ્જર જગદીશભાઈ દલપતરામ,** ઉ.વ. ૫૦, બોરીસણા, કલોલ
- **સ્વ. ઠાકોર જયંતિજી ચમનજી,** ઉ.વ. ૫૩, મોટી આદરજ
- **સ્વ. ઠાકોર કેશીબેન ઈશ્વરભાઈ,** ઉ.વ. ૫૪, સેકટર-૧૪

પૂજન ડાન્સ એકેડમી દ્વારા સ્પોકન ઈંગ્લીશ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૨૯

એકસ્ટ્રા એકડમી એકિટવીટી અંતર્ગત પૂજન ફાઉન્ડેશનના પ્રણેતા પ્રજ્ઞાબેન ગજ્જર તરફથી બાળકો માટે અનોખી સેવા કાર્યરત છે. જેમાં સે-૮ની સરકારી શાળામાં અંગ્રેજી શીખવવાના વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા બે મહિનાથી બાળકોને ટ્રેનિંગ આપીને તેમનામાં આત્મવિશ્વાસ વધે તે માટે સ્પીકીંગની સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં નિર્ણાયક તરીકે તમન્ના રાઠોડ, અવની રાવલે તેમની સેવાઓ પૂરી પાડી હતી સાથે સાથે ડાન્સની મજા પણ માણી હતી. આ સ્પર્ધામાં વિજેતા બાળકોને ઈનામો આપીને નવાજવામાં આવ્યા હતા. બધા જ બાળકોને પેન, ચોકલેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અંગ્રેજી શીખવવામાં બાળકો પાછળ કોમલબેને ખૂબ જ મહેનત કરી હતી. હવે ગણિત, જનરલ નોલેજ તેમજ ડાન્સના ફ્રી વર્ગો શરુ કરવામાં આવશે. તેમના આ અભિયાનમાં જેમને પણ જોડાવું હોય તેઓએ પ્રજ્ઞાબેનનો સંપર્ક કરવો. શાળાના આચાર્ય મીતલબેને આ કાર્યક્રમમાં આભારવિધિ કરી હતી. તેમજ સ્વાતિબેન, જીયા ગજ્જર, અગત્સ્ય અને પૂજન ડાન્સના બાળકોએ પણ હાજર રહીને બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો.

જે.બી. શાળામાં ચિર સ્થાયી ઊર્જા વિષે જાગૃતિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

જે.બી. પ્રાથમિક શાળામાં ચિર સ્થાયી ઊર્જા વિષે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. જે ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી ગાંધીનગરના સહયોગથી નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર તરફથી યોજાયો હતો. જેમાં ધોરણ ૭ અને ૮ના કુલ ૫૦ વિદ્યાર્થીઓએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને પ્રોજેકટર દ્વારા ઊર્જા બચત વિષેની સચોટ માહિતી અપાઈ હતી તથા લેખિત કસોટીમાં ૩ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટર તરફથી કુલ ૨૦૦૦ રોકડ ઈનામ આપવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય નીવાબેન પટેલે ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

લગ્નસરામાં ફોટોગ્રાફી વ્યવસાયમાં ખુશીનો માહોલ

૫૦,૦૦૦ રૂપિયાથી ૫,૦૦,૦૦૦ રૂપિયા સુધીના ફોટોગ્રાફી પેકેજ

ગાંધીનગર, તા.૨૯

લગ્નસરાની મોસમ પૂરજોશમાં ચાલી રહી છે ત્યારે તેને સંલગ્ન તમામ ધંધા અને વેપારમાં તેજી ચાલી રહી છે. લગ્ન મંડપવાળા, ડી.જે., રસોઈયા, મહેંદીવાળા, ફોટોગ્રાફરો વગેરેનો ધંધો તેજીમાં ચાલી રહ્યો છે. શહેરમાં પાંચ મહિના સતત લગ્નસરાની મોસમ જામવાની છે ત્યારે જેના વગર લગ્નપ્રસંગમાં અધુરું લાગે લગ્નપ્રસંગ સૂનો લાગે તેવા ફોટોગ્રાફી સેકટરમાં ધૂમ જોવા મળી રહી છે. શહેરમાં રહેલા નાના-મોટા તમામ ફોટોગ્રાફરોને લગ્નપ્રસંગ માટેના ઓર્ડરો મળી રહ્યા છે. જેથી ફોટોગ્રાફી સેકટરમાં ખુશીનો માહોલ છવાયો છે.

લગ્નપ્રસંગ પહેલા યુવા વર્ગ દ્વારા ચાલી રહેલ નવો ક્રેઝ જે પ્રિ-વેડિંગ તરીકે ઓળખાય છે તેમાં ફોટોગ્રાફરો સૌથી વધુ કમાણી કરી રહ્યા છે. પ્રિ-વેડિંગમાં જુદા જુદા સ્થળો પર જઈને કપલ ફોટોશૂટ કરવાનું હોય છે. જેમાં જુદા જુદા સ્થળો પ્રખ્યાત બન્યા છે. ગોવા, દુબઈ, ઉદયપુર, સાઉથ આફ્રિકાથી લઈ સુંદર મજાના રિસોર્ટ બુક કરીને ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવામાં આવી રહી છે. જેમાં ફોટોગ્રાફરો સ્થળ મુજબના બજેટ નક્કી કરતા હોય છે. પ્રિ-વેડિંગ માટે સૌથી વધુ ગોવા જવાનું યુવા વર્ગ પસંદ કરી રહ્યો છે. પ્રી-ફોટોશૂટ માટે ૫૦,૦૦૦ રૂપિયાથી ૫,૦૦,૦૦૦ રૂપિયા બજેટ મુજબના ફોટોશૂટ કરવામાં આવી રહ્યા છે. જેમાં કેમેરા ઉપરાંત ડ્રોનથી શૂટિંગ કરવાનો ક્રેઝ ચાલી રહ્યો છે.

સોશિયલ મીડિયામાં લગ્નપ્રસંગ પહેલા કપલના ફોટો મુકીને૧૦ ડેઝ ટુ ગો લખીને જુદા જુદા દિવસોના જુદા જુદા ફોટો મુકીને વેડિંગ કપલને અભિનંદન આપવામાં આવે છે. જે સોશિયલ મીડિયા નો નવો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. કપલ દ્વારા પ્રિ-વેડિંગ ફોટોશૂટ કરીને જે ફોટા તૈયાર થાય છે તેમાંથી સુંદર સુંદર ફોટાની પસંદગી કરીને તેમના મિત્રો અને પરિવારના સભ્યો સોશિયલ મીડિયામાં મુકી રહ્યા છે. લગ્નદિવસ અગાઉ ૧૦ થી ૨૦ દિવસ આ ટ્રેન્ડ ચાલુ રહે છે.

પ્રિ-વેડિંગ ફોટો શૂટ બાદ લગ્ન ફોટોગ્રાફી જે વર્ષોથી ચાલી આવે છે પરંતુ ફોટોશૂટ માટે અવનવા ટ્રેન્ડ જોવા મળી રહ્યા છે. જેમાં લાઈટીંગ સેટ કરીને જુદા જુદા ફોટા કલીક કરવામાં આવે છે. જુદી જુદી વસ્તુઓનો ઉપયોગ કરીને ફોટોશૂટ કરવામાં આવે છે. જેમ કે રંગબેરંગી છત્રીઓ, ફૂલો, ચશ્મા, બાઈક, ગાડીઓ, હીંચકા વિગેરે જેના કારણે ફોટોગ્રાફી સુંદર આવે છે.

કોરોનાકાળ બાદ લગ્નસરાની સિઝનમાં જમાવટ જોવા મળી રહી છે. જેમાં ફોટોગ્રાફી સેકટરનો ધંધો કોરોનાકાળમાં બંધ હાલતમાં હતો તે આ વર્ષે ફરીથી પાટા પર જોવા મળી રહ્યો છે. એક જ દિવસમાં તેઓને ઘણા બધા ઓર્ડરો મળી રહ્યા છે જેથી ફોટોગ્રાફરોમાં આનંદ જોવા મળી રહ્યો છે.

●●●

લગ્નપ્રસંગ નિમિત્તે ઘણી ઈન્કવાયરી આવી રહી છે અને ઓર્ડરો પણ મળી રહ્યા છે. તથા પ્રિવેડિંગ ફોટોગ્રાફી પણ ચાલી રહી છે. જેમાં દુબઈ, ઉદયપુર, ગોવા, સાઉથ આફ્રિકા જેવા સ્થળોની પસંદગી કપલ દ્વારા કરવામાં આવી રહી છે. મારા ત્યાં ૧,૦૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ સુધીના ફોટોગ્રાફીના બજેટ ચાલી રહ્યા છે.

- અભિ વલેરા (સાદી ડાયરીસ)

●●●

વેડિંગ માટે ૪૫,૦૦૦ થી પેકેજ શરૂ થાય છે. જેમાં અઢીસો ફોટોનો આલ્બમ, ૩ કલાકની વિડિયો કેસેટ પેન ડ્રાઈવમાં, મીની બુક કેલેન્ડર, ફોટોવાળી પેનડ્રાઈવ આપીએ છીએ. વર્ક બધું જ ડીએસએલઆરમાં કરીએ છીએ. મોટા કેમેરામાં વર્ક નથી કરતા. લગ્ન પ્રસંગના ઓર્ડરો મળી રહ્યા છે જે કહી શકાય કે ફુલ ઓર્ડરો ચાલી રહ્યા છે.

- ચિરાગ ફોટોગ્રાફર (ડ્રીમ કેપ્ચર સ્ટુડિયો, ફુડાસણ)

●●●

લગ્ન પ્રસંગમાં જાન્યુઆરી સુધી ૨૫ તારીખો છે. કોરોનાની બીકના કારણે પ્રિ-વેડિંગના ઓર્ડરો ઓછા મળ્યા છે અને સમયના અભાવના કારણે તાત્કાલિક બુંકિંગ કરાવ્યા છે. ફોટોગ્રાફરો દ્વારા કોરોના ગાઈડલાઈનનું પાલન કરવામાં આવી રહ્યું છે. માસ્ક પહેરીને જ ફોટોશૂટ કરી રહ્યા છે અમે ૫૦,૦૦૦થી સ્ટાર્ટિંગ બજેટ રાખ્યું છે. દર વર્ષ કરતા ૫ થી ૧૦ ટકા ભાવમાં વધારો કર્યો છે.

- નીલકંઠ દિક્ષિત (એન.ડી. ફીચર્સ)

●●●

લગ્નપ્રસંગ માટેના પેકેજ ૫૦,૦૦૦ થી ૫,૦૦,૦૦૦ રૂપિયા સુધીના ચાલી રહ્યા છે. કોરોનાબાદ લગ્ન સિઝન સારી ચાલી રહી છે જેથી ફોટોગ્રાફી સેકટરમાં ખુશીનો માહોલ છે જેથી રીકવાયરમેન્ટ હોય તેવું બજેટ અમે રાખીએ છીએ. ડેસ્ટિનેશન વેડિંગની વધારે પસંદગી થઈ છે જેમાં વિવિધ રિસોર્ટ અને હોટલોમાં બુકિંગ કરાવીને પ્રિ-વેડિંગ ફોટોગ્રાફી કરાવી રહ્યા છે.

- અલ્પેશ ચૌહાણ